Assignment-2017-2018

T.Y.B.com.

Management Accounting-I

પ્રશ્ન.૧.અતુલ કંપની લિ. નાં પાકાં સરવૈયાં નીચે મુજબ છે.

| મૂડી-દેવાં | ૩૧-૩-૨૦૧૬ | ૩૧-૩-૨૦૧૭ | મિલકત-લેણાં | ૩૧-૩-૨૦૧૬ | ૩૧-૩-૨૦૧૭ |
|---|---|---|---|---|---|
| ઈક્વિટી શેરમૂડી (દરેક રૂ.૧૦ નો) | ૨,૦૦,૦૦૦ | ૩,૦૦,૦૦૦ | પાઘડી | ૬૨,૦૦૦ | ૫૦,૦૦૦ |
| | | | જમીન-મકાન | ૨,૭૦,૦૦૦ | ૨,૨૦,૦૦૦ |
| ૧૦% નાં રિડી.પ્રફ. શેર, દરેક રૂ.૧૦ નો એક એવા શેરદીઠ રૂ.૮ ભરપાઈ | ૮૦,૦૦૦ | ૪,૦૦૦ | યંત્રો(મૂ.કિ.) | ૩૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| | | | ફર્નિચર | ૩૩,૦૦૦ | ૬૯,૦૦૦ |
| | | | દેવાદારો | ૪૫,૦૦૦ | ૬૦,૦૦૦ |
| | | | લેણી હૂંડી | ૩૦,૦૦૦ | ૪૦,૦૦૦ |
| નફા-નુકસાન ખાતું | ૧,૦૦,૦૦૦ | ૧,૮૦,૦૦૦ | રોકડ-બેન્ક | ૪૨,૦૦૦ | ૧,૨૦,૦૦૦ |
| સામાન્ય અનામત | ૮૦,૦૦૦ | ૧,૦૫,૦૦૦ | સ્ટોક | ૪૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ |
| જામીનગીરી પ્રીમિયમ | ૯,૫૦૦ | ૨૫૦ | પ્રાથમિક ખર્ચા | ૧૫,૦૦૦ | ૧૦,૦૦૦ |
| મૂડી અનામત | ૨,૦૦૦ | ૨૦,૦૦૦ | ડિબેંચર વટાવ | ૬,૦૦૦ | ૧,૦૦૦ |
| મૂડી પરત અનામત | ---- | ૪૫,૦૦૦ | | | |
| ૧૫% નાં ડિબેંચર | ----- | ૫૦,૦૦૦ | | | |
| ૧૮ % ની બેન્કલોન | ----- | ૪૦,૦૦૦ | | | |
| કરવેરાની જોગવાઇ | ૪૦,૦૦૦ | ૫૨,૦૦૦ | | | |
| લેણદારો | ૧૫,૦૦૦ | ૨૦,૦૦૦ | | | |
| દેવી હૂંડી | ૪૫,૦૦ | ૧૮,૦૦૦ | | | |
| ચૂકવવાના બાકી ખર્ચા | ૨૨,૦૦૦ | ૫,૭૫૦ | | | |
| યંત્ર ઘસારા ફંડ | ૨૦,૦૦૦ | ૩૦,૦૦૦ | | | |
| | ૫,૭૩,૦૦૦ | ૮,૭૦,૦૦૦ | | ૫,૭૩,૦૦૦ | ૮,૭૦,૦૦૦ |

વધારાની માહિતીઃ

(૧) વર્ષ દરમિયાન સામાન્ય અનામતમાંથી ૪:૧ ના પ્રમાણમાં બોનસ શેર આપવામાં આવ્યા હતા.

(૨) ૨૦૧૭ ના વર્ષમાં ઈક્વિટી શેર પર ૨૦૧૬ ના વર્ષનું ૧૮ % લેખે ડિવિડન્ડ જાહેર કર્યું હતું.

(૩) વર્ષ દરમિયાન ડિબેન્ચરો ૧૦ % વટાવે બહાર પાડ્યાં હતાં.

(૪) રીડિમેબલ પ્રેફ.શેર પરત કરવાની નોટિશ આપી અને શેર પરનો બાકી હપતો મંગાવી લેવામાં આવ્યો. પરંતું ૫૦૦ શેર સિવાય બાકીના બધા શેરો પર પૂરેપૂરા નાણાં મળી ગયાં અને ૩૦-૬-૨૦૧૬ ના રોજ પ્રેફ.શેરો

૧૫ % પ્રીમિયમે પરત કર્યા.આ હેતુ માટે ઈક્વિટી શેરો ૧૦ % ના પ્રીમિયમે બહાર પાડવામાં આવ્યા અને બાકીના નફામાંથી પરત કરવામાં આવ્યા.

(૫) ૨૦૧૬ ના વર્ષની કરવેરાની આખરી જવાબદારી રૂા.૩૦,૦૦૦ નક્કી કરવામાં આવી અને તે ચૂકવી દીધી.કરવેરાની જોગવાઇનો વધારો સામાન્ય અનામત ખાતે લઇ જવામાં આવ્યો.

(૬) એક યંત્ર જેની મૂ.કિં. રૂા.૩૦,૦૦૦ હતી જેના પર એકત્રિત થયેલો ઘસારો રૂા.૮,૦૦૦ હતો તેને રૂા.૧૮,૦૦૦ માં વેચવામાં આવ્યું હતું

(૭) જમીનનો એક ટુકડો વેચવામા આવ્યો હતો, જેનો નફો મૂડી અનામત ખાતે જમા કરવામાં આવ્યો હતોઃ મૂડી અનામત ખાતે આ રકમ સિવાય કોઇ રકમ જમા થઇ ન હતી.

(૮) તા.૧-૪-૨૦૧૬ ના રોજ બેન્કમાંથી રૂા.૫૦,૦૦૦ ની લોન લીધી હતી, જે દરેક વર્ષના અંતે એક સરખા પાંચ હપતામાં પરત કરવાની હતી.

હિસાબી ધોરણ-૩ મુજબ રોકડ પ્રવાહ પત્રક તૈયાર કરો.

પ્રશ્ન.૨. રોશન લિ.નું તારીખ ૩૧-૩-૨૦૧૭ ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે.

| વિગત | રૂા. | રૂા. |
|---|---|---|
| ભંડોળની પ્રાપ્તિઃ | | |
| (૧)_શેરહોલ્ડર્સનાં ભંડોળઃ | | |
| ઈક્વિટી શેરમૂડી | ૨૫,૦૦,૦૦૦ | |
| ૧૦% ની પ્રેફરન્સ શેરમૂડી | ૫,૦૦,૦૦૦ | |
| અનામત અને વધારો | ૧૦,૦૦,૦૦૦ | ૪૦,૦૦,૦૦૦ |
| (૨) લોન ભંડોળઃ | | |
| ૧૦% ના ડિબેન્ચર્સ | | ૧૦,૦૦,૦૦૦ |
| | | ૫૦,૦૦,૦૦૦ |
| ભંડોળનો ઉપયોગઃ | | |
| (૧)_કાયમી મિલકતો | | ૩૫,૦૦,૦૦૦ |
| (૨) રોકાણો | | ૩,૦૦,૦૦૦ |
| (૩) ચાલુ મિલકતોઃ | | |
| સ્ટોક ૬,૦૦,૦૦૦ | | |
| દેવાદારો ૨,૦૦,૦૦૦ | | |
| રોકડ અને બેંક સિલક ૯,૦૦,૦૦૦ | | |
| લેણી હૂંડીઓ ૧,૦૦,૦૦૦ | ૧૮,૦૦,૦૦૦ | |
| બાદઃ_ ચાલુ દેવાઃ | | |
| લેણદારો ૫,૦૦,૦૦૦ | | |
| દેવી હૂંડીઓ ૧,૦૦,૦૦૦ | ૬,૦૦,૦૦૦ | ૧૨,૦૦,૦૦૦ |
| | | ૫૦,૦૦,૦૦૦ |

વધારાની માહિતીઃ

| વિગત | રૂા. |
|---|---|
| વેચાણ (૪૦% રોકડ વેચાણ) | ૨૦,૦૦,૦૦૦ |
| બાદ્ઃ વેચેલમાલની પડતર | ૮,૦૦,૦૦૦ |
| કાચો નફો | ૧૨,૦૦,૦૦૦ |
| ચોખ્ખો નફો (વ્યાજ અને કરવેરા પહેલાંનો ૫૦% લેખે) | ૬,૦૦,૦૦૦ |
| બાદઃ ડિબેન્ચર્સનું વ્યાજ | ૧,૦૦,૦૦૦ |
| | ૫,૦૦,૦૦૦ |
| બાદઃ ૫૦% લેખે કરવેરાની જોગવાઈ | ૨,૫૦,૦૦૦ |
| ચોખ્ખો નફો (વ્યાજ અને કરવેરાની જોગવાઈ પછીનો | ૨,૫૦,૦૦૦ |
| શરૂઆતનો સ્ટોક | ૨,૦૦,૦૦૦ |

ઉપરોકત માહિતી પરથી નીચેના ગુણત્તરો ગણોઃ

(૧) ચોખ્ખા નફાનો ગુણત્તર (૨) સ્ટોક ચલન દર (૩) ગિયરીંગ ગુણોત્તર (૪) ચાલુ ગુણોત્તર

(૫) ઈકિવટી શેરમૂડી પર વળતરનો દર (૬) દેવાદાર ગુણોત્તર (વર્ષના ૩૬૦ દિવસ લેવા)

પ્રશ્ન.૩(અ) હિસાબી ગુણોત્તરનું મહત્વ અને ઉપયોગીતા સમજાવો.

(બ) હિસાબી ગુણોત્તરની મર્યાદાઓ ચર્ચો.

પ્રશ્ન.૪(અ) રોકડ પ્રવાહ પત્રક અને ભંડોળ પ્રવાહ પત્રક વચ્ચેનો તફાવત સમજાવો.

(બ) રોકડ બજેટનાં ફાયદાઓ પર ટૂંક નોંધ લખો.

પ્રશ્ન.૫. નીચેની માહિતી પરથી માર્ચ ૨૦૧૭ થી મે- ૨૦૧૭ ના સમયનું રોકડ અંદાજપત્રતૈયાર કરો.

| માસ | વેચાણ (રૂા) | આખરનો સ્ટોક (રૂા) | કુલ પરોક્ષ ખર્ચા (રૂા) |
|---|---|---|---|
| જાન્યુઆરી | ૨,૦૦,૦૦૦ | ૨૫,૦૦૦ | ૩૦,૦૦૦ |
| ફેબ્રુઆરી | ૨,૫૦,૦૦૦ | ૩૭,૫૦૦ | ૩૭,૫૦૦ |
| માર્ચ | ૩,૦૦,૦૦૦ | ૬૨,૫૦૦ | ૫૦,૦૦૦ |
| એપ્રિલ | ૪,૦૦,૦૦૦ | ૭૫,૦૦૦ | ૪૫,૦૦૦ |
| મે | ૩,૫૦,૦૦૦ | ૬૮,૭૫૦ | ૫૦,૦૦૦ |
| જૂન | ૩,૭૫,૦૦૦ | ૬૨,૫૦૦ | ૩૭,૫૦૦ |

વધારાની માહિતીઃ

(૧) તા.૦૧-૩-૨૦૧૭ ના રોજ રોકડ સિલક રૂા.૧,૨૫,૦૦૦.હતી

(૨)એપ્રિલ ૨૦૧૭ માં એક જૂનું ફર્નિચર રૂા.૭૫,૦૦૦ માં વેચવામાં આવશે.

(૩) કુલ વેચાણના ૬૦ ટકા ઉધાર વેચાણ અને ૪૦ ટકા રોકડ વેચાણ ધારો.

(૪) ખરીદી રોકડેથી કરવામાં આવે છે.

(૫) મૂળકિંમત ઉપર ૩૩ ⅓ ટકા નફો મળે એ રીતે માલ વેચવામાં આવે છે.

(૬) ઉધાર વેચાણના ૫૦ ટકા વેચાણ પછીના મહિનામાં, ૫૦ ટકા નાણાં પછીના બીજા મહિને મળે છે.

(૭) રૂા ૨૫,૦૦૦ આવકવેરો એપ્રિલ,૨૦૧૭ માં ચૂકવાનો છે.

(૮)કુલ પરોક્ષ ખર્ચમાં સ્થિર પરોક્ષ ખર્ચ માસિક રૂા ૧૨,૫૦૦ નો સમાવેશ થાય છે, જેની ચુકવણી જે તે માસમાં થાય છે.

(૯) એપ્રિલ ૨૦૧૭ માં રૂા.૧,૨૫,૦૦૦.માં ખરીદવામાં આવશે, જેની ચુકવણી ડિલિવરી વખતે ૮૦ ટકા જેટલી કરવાની છે અને બાકીની રકમ પછીના માસમાં ચૂકવવાની છે.